
હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત

ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના

પુષ્પ દશમું

# બાલવાડીનાં ફૂલડાં



લેખક: મુકુલ કલાર્થી

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

હરિ: ૐ આશ્રમ સંચાલિત
ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર-યોજના
પુષ્પ દસમું

# બાલવાડીનાં ફૂલડાં

લેખક :
મુકુલભાઈ કલાર્થી

હરિ: ૐ આશ્રમ પ્રકાશન

• પ્રકાશક : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ–૩૮૭ ૦૦૧.

• © મુકુલ કલાર્થી

• પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

• પ્રત : ૩૦૦૦

• પૃષ્ઠ : ૮ + ૬૦ = ૬૮

• કિંમત : રૂપિયા ૨=૫૦ પૈસા

• પ્રાપ્તિ સ્થાન :
(૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ–૩૮૭ ૦૦૧
(૨) હરિઃ ૐ આશ્રમ, સુરત–૩૯૫ ૦૦૫

• મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧–અ, વિજય કોલોની
સરદાર પટેલ કોલોની પાસે
ઉસ્માનપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩

• મુખપૃષ્ઠ ડિઝાઇન :
શ્રી 'જય' પંચોલી
'નીરજ'
૫, હેમધ્રુવ સોસાયટી
અમદાવાદ–૩૮૦ ૦૦૭

હરિ : ૐ

## સમર્પણાંજલિ

શ્રી. કાન્તિભાઈ ઘાયલ (સુરત)ને

જેમણે

પોતાના પુરુષાર્થથી શૂન્યમાંથી સૃષ્ટિ

પેદા કરી આર્થિક ઉન્નતિ સાધી

અને

નગરપાલિકાની પણ વર્ષો સુધી સેવા કરી.

તથા

તેમના ખેલદિલી ભર્યા સ્વભાવથી

સુરત આશ્રમની શરૂઆતથી જ

એમનો ઉષ્માભર્યો સાથ અમને

સાંપડતો આવ્યો છે

એની મધુર યાદમાં હૃદયપૂર્વકની

સમર્પણાંજલિ

હરિ: ૐ આશ્રમ
સુરત

—નંદુભાઈ

૨૬ જાન્યુઆરી ૧૯૮૩.

હરિઃ ૐ

# નિવેદન

હરિઃ ૐ આશ્રમે પોતાનાં દાન-ટ્રસ્ટો ચરોતર એજ્યુકેશન સોસાયટીને સુપ્રત કરેલાં. ચરોતર એજ્યુકેશન સોસાયટીએ એનું સંચાલન કેટલાંક વર્ષ કર્યું. પછીથી એ કામને પહોંચી વળવું શક્ય ન લાગતાં એ દાન-ટ્રસ્ટો એમણે આશ્રમને પરત કર્યાં. એમણે જે સાથ સહકાર આપ્યો તે બદલ અમે તેમના ખૂબ ખૂબ આભારી છીએ. પૂજ્ય શ્રીમોટાએ ગુણ અને ભાવના વિકાસ અર્થે જ આવાં પ્રકાશનો માટે દાન ટ્રસ્ટો કરેલાં. હવે એ વહીવટ અને જવાબદારી બંને હરિઃ ૐ આશ્રમ, નડિયાદને સંભાળવાનાં આવે છે. એટલે ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજનાનું આ પુષ્પ દસમું હરિઃ ૐ આશ્રમના પ્રકાશન તરીકે બહાર પાડતાં અમને આનંદ થાય છે. આશા છે કે ગુણ ભાવ વિકાસાર્થે અને બાળકોના ઘડતર માટે એ ઉપયોગી સાબિત થશે.

શ્રી. મુકુલભાઈ કલાર્થી બાળકો તથા કિશોર-કિશોરીઓ માટેના જીવનવિધાયક લેખનકાર્ય માટે ખૂબ જાણીતા છે. અમારાં પ્રકાશનો માટે એમના દિલનો સાથ સહકાર મળતો આવ્યો છે એ અમારા માટે આનંદનો વિષય છે. આ પુસ્તિકા 'આળવાડીમાં ફૂલડાં' એમણે તૈયાર કરી આપી એ બદલ અમે એમના આભારી છીએ. તાલુકા પંચાયતો દ્વારા આ પુસ્તકો તદ્દન ગરીબ ગામોનાં બાળકોને પણ ઉપલબ્ધ બને એ પણ એક વિશિષ્ટ બીના છે એ માટે અમે તાલુકા પંચાયતોના સૂત્રધારોના આભારી છીએ.

શ્રી 'જય' પંચોલીએ મુખપૃષ્ઠ ડીઝાઇન કરી આપી તે બદલ તેમના ખૂબ આભારી છીએ. શ્રી રમેશભાઈ સરૈયાને તો અમે ભૂલી

શકીએ જ નહિ. એમના પંકજ પ્રોસેસ સ્ટુડીયો દ્વારા એઓ સતત વિનામૂલ્યે અમને બ્લોકો બનાવી આપે છે એમના એવા ભક્તિભાવભર્યા વલણની કદર કરવા અમારી પાસે શબ્દો નથી.

પ્રણવ પ્રિન્ટર્સવાળા શ્રી પ્રવીણભાઈ ગામીએ આ અને બીજાં અનેક પુસ્તકો ખૂબ ઝડપથી છાપી આપ્યાં તે બદલ એમના અમે આભારી છીએ. હવે જાણે કે એઓ હરિઃ ૐ આશ્રમનું એક અંગ બનતા જાય છે એવો એમનો સતત ભાવ રહ્યો છે.

૨૬-૧-૮૨ — નંદુભાઈ

હરિઃ ૐ આશ્રમ, સુરત મેનેજિંગ ટ્રસ્ટી

# બાળકોને પ્રેમ-ભેટ

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે કહ્યું છે :

'પ્રત્યેક નવજાત શિશુ પ્રભુનો સંદેશો લઈને આવે છે કે, ભગવાન હજી માનવ-જાતથી નારાજ થયો નથી.'

ખરેખર, બાળકો તો માનવજીવનને મઘમઘતું કરી મૂકે છે. મોટાં મોટાં માણસો પણ બાળકોનો પ્રેમ ઝંખતાં હોય છે.

મહાન વિચારક રસ્કિને પણ કહ્યું છે :

'બાળકને થોડો પ્રેમ આપી જુઓ. તે તમને તેથી અનેકગણો પ્રેમ હોંશે હોંશે આપશે.'

ઈંગ્લેંડના મહાન કવિ મિલ્ટને પણ યોગ્ય જ કહ્યું છે :

'શિશુદર્શન એટલે પ્રાતઃકાળનું પ્રફુલ્લિત દર્શન.'

ચાલો, આપણે પણ બાળકોને ઉષ્માભર્યો આવકાર આપીએ. બાળકોનું પ્રેમથી ગૌરવ કરીએ. બાળકની મહત્તા સમજીએ.

જગતના એક મહાન મુત્સદ્દી ચર્ચિલે પણ એટલે જ કહ્યું છે :

'બાળકોના દૂધ માટે રાજ્ય જે રોકાણ કરતું હોય એના જેવું ફાયદાકારક બીજું એક પણ રોકાણ નથી.'

આ નાનકડી પુસ્તિકામાં મોટાં માણસોએ નાનકડાં બાળકોને કેવો ઉમળકાભર્યો આવકાર આપેલો છે, એનો થોડોક પરિચય આપવા નમ્ર પ્રયત્ન કર્યો છે.

બાળકો પણ કેવાં પ્રેમી-પંખીડાં અને સૌરભભર્યાં ફૂલડાં હોય છે તથા તેઓ આપણા જીવનને કેવું કલ્લોલતું અને મઘમઘતું અને ભર્યું ભર્યું કરી મૂકે છે એનું પણ દર્શન આ પુસ્તિકામાં થયા વિના રહેશે નહિ.

આ વાતનો ખ્યાલ કરીને વહાલાં બાળકોને વહાલથી આ નાનકડી પ્રેમ-ભેટ અર્પણ કરું છું.

વહાલાં બાળકો ! એનો પ્રેમથી સ્વીકાર કરજો.

મુકુલ કલાર્થી

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. 'બાળકો મારું જીવન છે' | ૧ |
| ૨. 'બાળકોને આવવા દો' | ૨ |
| ૩. આશાનું કિરણ | ૪ |
| ૪. 'મને ચોકલેટ ખૂબ ભાવે છે' | ૭ |
| ૫. અનાથનો નાથ | ૧૧ |
| ૬. બાળકીની સલાહ માની લીધી | ૧૫ |
| ૭. બાળક માટે બારણાં ખુલ્લાં | ૧૯ |
| ૮. આપેલું વચન પાળ્યું | ૨૨ |
| ૯. હિંમત ન હાર | ૨૪ |
| ૧૦. 'ઓ બાપ રે !' | ૨૮ |
| ૧૧. 'અમેય બાળબચ્ચાંવાળાં છીએ' | ૩૦ |
| ૧૨. બાળકોને આવકાર | ૩૨ |
| ૧૩. ગોળ ખાવાનું છોડી દીધું | ૩૪ |
| ૧૪. બાળકને નાસ્તો | ૩૭ |
| ૧૫. શોખીન ચોપડી વાંચનારો | ૩૯ |
| ૧૬. ભગવાનને બિન-તારી સંદેશો ! | ૪૨ |
| ૧૭. છોકરાએ વાયદો પૂરો કર્યો | ૪૫ |
| ૧૮. બાળપંખીડાની વહારે | ૪૭ |
| ૧૯. કૂતરું બિચારું શું સમજે ! | ૪૯ |
| ૨૦. સંતનું મોંઘેરું દાન | ૫૦ |
| ૨૧. 'ધન ધન જનની તેની રે' | ૫૩ |

# ૧

# 'બાળકો મારું જીવન છે'

ગાંધીબાપુને બાળકો બહુ વહાલાં.

કોઈ વાર ગાંધીબાપુ ખૂબ કામમાં હોય.

મહત્ત્વનો કાગળ લખતા હોય.

આરામ કરતા હોય.

ત્યાં તો કોઈ બાળક દોડતું દોડતું ગાંધીજી પાસે આવી પહોંચે.

ગાંધીજીની સેવામાં રહેનાર ભાઈ-બહેન બાળકને અંદર જતું અટકાવે.

ત્યાં તો ગાંધીબાપુ બોલી ઊઠે :

'બાળકને મારી પાસે આવવા દો.

'બાળકો તો મારું જીવન છે.'

ગાંધીજી ગોળમેજી પરિષદ વખતે વિલાયત ગયા હતા.

ત્યાં પણ બાપુની આસપાસ બાળકો હોય જ.

લંડનનાં બાળકોને પણ બાપુજી પોતાના જ લાગે.

બાપુજીને બાળકો જુએ, એટલે—

'અંકલ ગાંધી ! અંકલ ગાંધી !'

—એમ મોટે સાદે બોલતાં બોલતાં બાળકો ઘર

બહાર દોડી આવે.

ગાંધીબાપુની આસપાસ વીંટળાઈ વળે.

બાપુ અને બાળકો ભેગાં થાય, એટલે હાસ્યના ફુવારા ઊડવા માંડે.

બધે આનંદ આનંદ છવાઈ જાય.

ગાંધીબાપુ કહેતા :

'વાઈસરોયની મહેરબાનીથી સ્વરાજ નથી મળવાનું.

'પણ બાળકોના હાસ્યથી સ્વરાજ જરૂર મળશે.'

ઈંગ્લૅંડના રાજા પાંચમા જ્યૉર્જ સાથે ગાંધીજીની મુલાકાત ગોઠવાઈ હતી.

વાતવાતમાં પાંચમા જ્યૉર્જ કહે :

'મને જાણવા મળ્યું છે, કે તમે બાળકો ઉપર બહુ વહાલ વરસાવો છો.

'શું આ સાચું છે ?'

ગાંધીબાપુ મધુરું હસતા હસતા બોલ્યા :

'હું હમેશાં બાળકોના સહવાસમાં રહું છું.'

## ૨

## 'બાળકોને આવવા દો'

ભગવાન ઈશુને બાળકો ખૂબ જ વહાલાં હતાં.

માબાપ પોતાનાં બાળકોને ભગવાન ઈશુ પાસે લઈ આવતાં અને અરજ કરતાં :

'ભગવાન, મારા બાળકને માથે આપનો પવિત્ર હાથ મૂકો.

'મારા બચ્ચાને આશીર્વાદ આપો.'

એક વાર ભગવાન ઈશુ કોઈ ગંભીર વિષય ઉપર ઉપદેશ આપતા હતાં.

તે વખતે ભાવુક ભક્તો પોતાનાં નાનાં નાનાં ભુલકાંઓને લઈને ત્યાં આવ્યાં.

માતાઓ પાસે તો નવજાત શિશુઓ હતાં.

ભગવાન ઈશુને ચરણે ધરીને આશીર્વાદ માગવા આવ્યાં હતા.

તે વેળાએ ઈશુના કેટલાક શિષ્યો તેઓને અટકાવતાં કહેવા લાગ્યા :

'હમણાં નહિ; હમણાં નહિ!

'બીજી વાર આવજો.'

એ જોઈને ભગવાન ઈશુ બોલ્યા :

'નાનાં બાળકોને મારી પાસે આવતાં અટકાવશો મા.

'બાળકોને આવવા દો.

'કેમ કે ભગવાનનું રાજ એવાનું જ છે.

'જેઓ બાળક જેવા પ્રેમાળ, નિર્દોષ અને નિરભિમાની બનશે, તેઓ જ પ્રભુના ધામમાં પ્રવેશ પામશે.

'બાળક જેવા તમે ન થાઓ, ત્યાં સુધી તમારે માટે પ્રભુના ધામનાં બારણાં બંધ છે.

'જે બાળક જેવો નમ્ર બને છે, તે પ્રભુની નજરમાં મોટામાં મોટો છે.'

## ૩
## આશાનું કિરણ

ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર મોટા પંડિત હતા.

બંગાળના તે એક મહાન કેળવણીકાર તરીકે બધે જાણીતા થયા છે.

તે ખૂબ દયાળુ અને મોટા દાતા હતા.

વિદ્યાસાગર એક દિવસ પાલખીમાં બેસીને પરગામ જતા હતા.

રસ્તામાં એક ગામ આવ્યું.

બપોરનો વખત હતો.

સૂરજદાદા બરોબર તપતા હતા.

ગામમાં એક મોટો વડલો હતો.

વડદાદાની શીળી છાયામાં બેસીને મુસાફરો થાક ઉતારતા.

પાલખીવાળાઓ થાકી ગયા હતા.

પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.

વિદ્યાસાગરે વડલા નીચે થોડી વાર થોભવા વિચાર્યું.

પાલખીવાળા એટલો વખત વિસામો કરી લે.

પાલખીવાળાઓએ વડલા નીચે પાલખી ઉતારી.

તે વખતે એક ગરીબ નાનકડો છોકરો ત્યાં આવ્યો.

મોટા માણસને થોભેલા જોઇને તે પાસે જઈને ઊભો રહ્યો.

હાથ જોડીને તેણે વિદ્યાસાગરને પ્રણામ કર્યા.

પછી કરગરીને તે કહે :

'સાહેબ, હું બહુ ભૂખ્યો છું.

'મને એક પૈસો આપો.'

વિદ્યાસાગરને છોકરાં બહુ વહાલાં હતાં.

આવા નાનકડા છોકરાને ભીખ માગતો જોઈને એમને દયા આવી.

આમ પોતે મોટા શિક્ષક હતા.

એટલે તેમણે એ રીતે છોકરાને પૂછ્યું :

'બચ્ચા, પૈસાનું તું શું કરીશ ?'

છોકરાએ જવાબ આપ્યો :

'ખાવાનું લઈને ખાઈશ.'

વિદ્યાસાગરે હસીને તેને કહ્યું :

'તને એક પૈસાને બદલે બે પૈસા આપું, તો તું શું કરે ?'

'સાહેબ, એક પૈસાનું આજે ખાઉં અને બીજા પૈસાનું કાલે ખાઉં.'

વિદ્યાસાગર એના જવાબથી રાજી થયા.

તેમને છોકરો ગમી ગયો.

વિદ્યાસાગર બોલ્યા :

'અને તને ચાર પૈસા આપું તો ?'

તે જમાનામાં બધું સસ્તું મળતું.
આજના જેવી મોંઘવારી ન હતી.
પેલા છોકરાએ ઉત્સાહથી કહ્યું :
'સાહેબ, ચાર પૈસા લઈ ને હું ગામની બજારમાં જાઉં.
'બજારમાંથી કેરીઓ વેચાતી લઉં.
'પછી હું કેરીઓ લઈ ગામમાં વેચવા નીકળીશ.
'તેના મને બાર પૈસા ઊપજશે.
'તેમાંથી હું છ પૈસાનું ખાવાનું લઈશ.
'છ પૈસા રહેવા દઈશ.
'બીજે દિવસે છ પૈસાની કેરીઓ ખરીદીશ.
'પછી ગામમાં કેરીઓ વેચીશ.
'આમ સાહેબ, મને ઘણા દિવસ ખાવાનું મળશે.
'કોઈ પાસે પછી હાથ ધરવો નહિ પડે.'
વિદ્યાસાગર એની વાત સાંભળીને ખૂબ આનંદ પામ્યા.
વિદ્યાસાગરે એ છોકરાની પીઠ થાબડીને હેતથી કહ્યું :
'શાબાશ ! છોકરા, શાબાશ !
'તને વધારે પૈસા આપું છું.
'આ પ્રમાણે તું કેરીઓ વેચજે.
'રોજ પૈસા વધારતો જજે.
'હું થોડા દિવસ પછી પાછો આવીશ.
'તને દુકાન કરવા માટે રૂપિયા આપીશ.'
એમ કહીને વિદ્યાસાગર ગામ જવા નીકળ્યા.
આ વાતને ઘણા દિવસ વહી ગયા.

વિદ્યાસાગર પોતાનું કામ પતાવીને પાછા ફર્યા.
પેલા ગામમાં ખાસ થોભ્યા.
પેલો છોકરો પણ તેમની રાહ ક્યારનો જોયા કરતો હતો.
તેને આ વાતની ખબર પડી.
તે દોડતો દોડતો વિદ્યાસાગર પાસે આવ્યો.
છોકરાએ પૈસામાંથી રૂપિયા કર્યા હતા.
આ જોઈને વિદ્યાસાગર ખુશ ખુશ થઈ ગયા.
તેમણે છોકરાને હેતથી ધન્યવાદ આપ્યા.
દુકાન લઈ આપી.
વેચવાની વસ્તુઓ લાવવા વધારે રૂપિયા પણ આપ્યા.
છોકરાએ વિદ્યાસાગરનો ખૂબ ખૂબ આભાર માન્યો.
વખત જતાં તે છોકરો એક સારો વેપારી થયો.

## ૪

## 'મને ચૉકલેટ ખૂબ ભાવે છે'

એક મોટા વિજ્ઞાનશાસ્ત્રી હતા.
એટલા મોટા કે ન પૂછો વાત !
આખી દુનિયામાં ખૂબ ખૂબ જાણીતા થયા છે.
એમનું નામ હતું :
આલ્બર્ટ આઇન્સ્ટાઇન.
આ મોટા વિજ્ઞાનીને એક મિનિટની પણ ફુરસદ નહિ.

મોટી મોટી શોધ વિશે વિચાર્યા જ કરે.

મોટા મોટા વિજ્ઞાનીઓ આવે.

એમની પાસે વિજ્ઞાનને લગતી નવી નવી શોધો વિશે સલાહ લેવા આવે.

ચર્ચા કરવા આવે.

જ્યારે જુઓ ત્યારે ભાઈ-સાહેબ પ્રયોગશાળામાં જ હોય.

કંઈ કંઈ ગડમથલ કરતા હોય.

કામમાં એવા મશગુલ થઈ જાય કે—

ખાવાનું ભૂલી જાય.

કપડાં બદલવાનું ભૂલી જાય.

ઊંઘવાનું પણ ભૂલી જાય!

આવા કામગરા આલ્બર્ટ આઇન્સ્ટાઈન હતા.

એમના એક દોસ્ત બહુ મોટા!

એમના એ દોસ્ત કોણ? ખબર છે?

એક નાનીશી બાળકી!

એ બાળકી રોજ રોજ આઇન્સ્ટાઈન પાસે આવે.

આવીને શું કરે?

તે તો મોટા વિજ્ઞાનીનો નાનકડો નિશાળિયો!

બહેનબા તો એમની પાસે ગણિતના દાખલા શીખવા આવે.

આઇન્સ્ટાઈન પણ ખૂબ વહાલથી શીખવે.

પોતાનું મહત્ત્વનું કામ બાજુએ મૂકી દે.

બાળકીને ગણિત શીખવવા બેસી જાય.

જ્ઞાન સાથે ગમ્મત કરે.

બાળકી ખુશ ખુશ થઈ જાય.

આઇન્સ્ટાઈન પણ ખુશખુશાલ થઈ જાય.

બંનેની દોસ્તી બહુ ભારે !

મોટમોટા વિદ્વાનો આઇન્સ્ટાઈન પાસે આવતાં વિચાર કરે.

એમનો કીમતી સમય બગાડવા હિંમત ન કરે.

પણ આ નાનકડા દોસ્તદારને મન એ મોટા માણસ પણ પોતાના જેવડા જ લાગે !

આઇન્સ્ટાઈન પણ બાળકી સાથે નાનકડા બાળક જેવા બની જાય.

પરંતુ બાળકીની માતાને મનમાં ફફડાટ થાય.

એ વટાણિયું ક્યારે ઘેરથી છટકી જાય, એની માતાને ખબર જ ન પડે !

એ તો પહોંચી ગઈ હોય આઇન્સ્ટાઈન પાસે !

માતાને થાય :

'આવા મહાન પુરુષને વખતની ખૂબ જ કિંમત હોય.

'આ રીતે બકલી રોજ ને રોજ જઈને એમનો કીમતી વખત બગાડે એ ઠીક નહિ.

'આઇન્સ્ટાઈન તો ભલા માણસ છે.

'એ તો બકલીને આવવાની ના નહિ કહે.

'પણ આપણે સમજવું જોઈએ ને ?

'દાખલા તો હું પણ શીખવી શકું.

'આવી નજીવી બાબત માટે એમનો વખત બગાડવો એ સારું ન કહેવાય.'

એટલે માતા આઇન્સ્ટાઇન પાસે ગઈ.

તેમની માફી માગતાં માતા કહે :

'મારી દીકરી આપની પાસે આવીને આપને રોજ રોજ પજવે છે.

'એ જોઈને મને દુઃખ થાય છે !

'આપ રહ્યા મહાન માણસ !

'આપને કેટકેટલું કામ હોય છે.

'એમાં આ રીતે અડચણ ઊભી થાય એ કેમ પાલવે ?

'આનો શો ઉપાય કરવો એ મને સૂઝતું નથી.

'આપ કોઈ રસ્તો બતાવો.'

આ સાંભળીને આઇન્સ્ટાઇન હસતા હસતા બોલ્યા :

'ના રે ના ! એની તમે ચિંતા કરશો મા.

'મને તો તમારી દીકરી સાથે બહુ મજા પડે છે.

'મારો બધો થાક ઊતરી જાય છે.

'માથા પરનો ભાર હળવો થઈ જાય છે.

'એના સહવાસમાં મારું મન પ્રસન્ન થઈ જાય છે.'

બાળકીની માતા કહે :

'એ તો આપની મહાનતા બતાવે છે.

'આપ પંચોતેર વરસના પુરુષ છો.

'મારી દીકરી તો આઠ વરસની જ છે.

'એ તો આપને તંગ કરી મૂકતી હશે.

'એની જીભ બહુ છૂટી છે.

'કિલબિલ કિલબિલ કરીને આપનું માથું પકવી દેતી હશે!'

'એ સિવાય એ બીજું કરી પણ શું શકે?'

આલ્બર્ટ આઇન્સ્ટાઇન બાળકના જેવી સરળતાથી ખડખડાટ હસીને બોલ્યા :

'અરે, એ તો મારી દોસ્તદાર છે.

'એ ન આવે તો મને ચેન નહિ પડે.

'એ મને ઘણું બધું આપે છે.

'તમને એનો ખ્યાલ નહિ આવે.

'હું તેને થોડાક દાખલા ગણી આપું છું.

'તે મને મીઠી મજાની ચૉકલેટ આપે છે.

'મને ચૉકલેટ ખૂબ જ ભાવે છે!'

મા બિચારી શું કહે?

તે ધીમેથી પોતાને ઘેર જવા નીકળી.

મનમાં તે બોલી :

'ક્યાં મહાન આઇન્સ્ટાઇન અને ક્યાં મારી બચલી!'

## ૫

## અનાથનો નાથ

એક મોટું શહેર.

એનું નામ મદીના.

ઈદનો તહેવાર હતો.

આખું શહેર આનંદમાં હતું.
શહેરમાં મોટો મેળો ભરાવાનો હતો.
મેળો એટલે બાળકોના આનંદનો મેળો.
મેળામાં જાતજાતનાં રમકડાં મળે.
રંગબેરંગી રમકડાં મળે.
ઘોડો, ઊંટ, હાથી વગેરે પ્રાણીઓનાં રમકડાં.
માટીનાં તરેહતરેહનાં રમકડાં.
લાકડાનાં ભાતભાતનાં રમકડાં.
સવારથી નાનાં છોકરાંનો આનંદ માતો નથી.
કોઈ કહે, હું ઊંટ લઈશ.
કોઈ કહે, હું ઘોડો લઈશ.
કોઈ છોકરી કહે, હું ઘંટી લઈશ.
કોઈ છોકરી કહે, હું લાકડાની મજાની રૂડીરૂપાળી ઢીંગલી લઈશ.

વળી મેળામાં સારું સારું ખાવાનું પણ મળે.
બાળકો આજે આનંદમાં હતાં.
આજે સારું સારું ખાવાનું મળશે.
સારાં સારાં કપડાં પહેરવાનાં મળશે.
મેળામાં ફરવા જવાની મજા પડશે.
ચકડોળમાં બેસવા મળશે.
વાહ ! મજા ! મજા !
છોકરાંઓ મોટેરાંની આંગળી ઝાલીને મેળામાં જતાં હતાં.

મેળામાં લોકોનો કંઈ પાર નહિ.
એવી ભીડ કે નાનાં બાળકો ભૂલાં જ પડી જાય.
કોઈ વાર ખોવાઈ પણ જાય.
ભીડમાં ચગદાઈ પણ જાય.
એટલે કોઈએ પોતાના બાપુની આંગળી ઝાલી હતી.
કોઈએ બાની, તો કોઈએ મોટીબહેનની.
કોઈએ કાકાની, તો કોઈએ દાદાની.
કોઈએ મામાની, તો કોઈએ મોટાભાઈની.
એક નાનો છોકરો રસ્તા પર ઊભો હતો.
ઊભો ઊભો તે રડતો હતો.
તે બિચારો અનાથ હતો.
ન મળે બાપ કે ન મળે મા!
ન મળે ભાઈ કે ન મળે બહેન!
તેને કોઈ ન હતું!
એટલે કોણ તેને મેળામાં લઈ જાય?
કોણ તેને સારાં નવાં કપડાં પહેરાવે?
કોણ તેને સારું સારું ખાવાનું લઈ આપે?
બધાંને મેળામાં જવાની ઉતાવળ હતી.

એવી ઉતાવળમાં એ છોકરાની સામે કોઈ જોતુંપણ ન હતું.

સૌ પોતપોતાની તાનમાં હતાં.

મેલાંઘેલાં કપડાં પહેરેલો એ બાળક આ બધું ટગરટગર જોયા કરતો હતો.

તેની પણ ઇચ્છા મેળામાં જવાની હતી.
પણ કોઈ લઈ જાય તો ને?
પછી એ બાપડો રડે નહિ તો શું કરે?
ભક્તકવિ મોટાએ એક ભજનમાં ગાયું છે ને—
'બાળકનું જોર, પ્રભુ! શું?
જો હોય કશું તો રડવું.'

આમ, આ છોકરો પણ રસ્તાની એક બાજુએ ઊભો ઊભો રડતો હતો!

એવામાં એક મહાત્મા ત્યાંથી પસાર થયા.
તેમનું નામ હતું:
હજરત મહંમદ પેગંબર સાહેબ.
હજરતસાહેબની નજર એ અનાથ બાળક ઉપર પડી.
મહંમદ સાહેબ તેની પાસે ગયા.
તેમણે હેતથી બાળકના માથા પર હાથ ફેરવીને કહ્યું:
'બેટા, આજે તો ઈદનો તહેવાર છે.
'આજે આનંદ કરવાનો હોય.
'રડવાનું ન હોય.
'તું મેળામાં નથી જવાનો?'
છોકરો રડતો રડતો બોલ્યો:
'મારે મેળામાં જવું છે.
'હું કોની જોડે જાઉં?
'મારું કોઈ નથી!'
પેગંબર સાહેબે એને ખૂબ વહાલથી બાથમાં લીધો.

વાંસે હાથ ફેરવતા ફેરવતા હજરત સાહેબ બોલ્યા :
'બેટા, જેનું કોઈ નથી, એનો ખુદા છે.
'ચાલ બેટા, હું તને મેળામાં લઈ જાઉં.
'ઝાલ મારી આંગળી.'
છોકરો રાજી રાજી થઈ ગયો.
તેણે હાથ વડે આંસુ લૂછી નાખ્યાં.
હજરત મહંમદ પેગંબર સાહેબની આંગળી ઝાલીને તે મેળામાં જવા લાગ્યો.

૬

## બાળકીની સલાહ માની લીધી

એબ્રહામ લિંકન અમેરિકાના એક મહાન પ્રમુખ થઈ ગયા.
તે પ્રમુખ નહોતા બન્યા, ત્યારની આ વાત છે.
એક નાનકડી છોકરી હતી.
તેનું નામ હતું ગ્રેસ બીડલ.
તેના પિતા એક દિવસ એક છાપેલું ચિત્ર લઈ આવ્યા.
તે એબ્રહામ લિંકનનું ચિત્ર હતું.
તે વખતે લિંકન એ વિસ્તારના જાણીતા નેતા હતા.
પિતા લિંકનના ચાહક હતા.
ગ્રેસ બીડલ રમતી રમતી પિતાના ઓરડામાં આવી.
પિતા ક્યાંક બહાર ગયા હતા.

ગ્રેસે પિતાના મેજ પર એ ચિત્ર જોયું.
ઘણો વખત સુધી તે ચિત્ર જોતી રહી.
તેને મનમાં કંઈક વિચાર આવ્યો.
તેણે મેજ પરથી પેનસિલ લીધી.
તે તો લિંકનના ચહેરા પર દાઢી ચીતરવા લાગી.
પછી ખુશ થતી એ બહાર ચાલી ગઈ.
થોડી વાર પછી પિતા ઘેર આવ્યા.
તેમનું ધ્યાન પેલા ચિત્ર પર પડ્યું.
આ શું?
આ ચિત્ર કોણે બગાડી મૂક્યું?
લિંકનના ચહેરા પર દાઢી કોણે ચીતરી?
પિતાએ ગ્રેસને બોલાવીને પૂછ્યું:
'ગ્રેસ, આ ચિત્ર પર કોણે ચીતરડા કર્યા?
'તારું જ પરાક્રમ હશે!
'આ કોનું ચિત્ર છે એ તું જાણે છે?
'એ તો આપણા એક મોટા નેતા છે.
આવું તે કંઈ થાય?'
ગ્રેસ પિતાનો ઠપકો સાંભળીને રડવા લાગી.
તે ડૂસકાં ભરતી ભરતી બોલી:
'પિતાજી, મને એ નેતા ગમે છે.
'તે બહુ દૂબળા દેખાય છે.
'ગાલમાં ખાડા પડી ગયેલા છે.
'તે જો દાઢી રાખે, તો સારા દેખાય.
'એમ માનીને મેં આમ કર્યું છે.

'મારી ભૂલ માટે માફી માગું છું.'
વહાલુડી દીકરીની વાત સાંભળીને પિતા શાંત થયા.
તે પેલું ચિત્ર ધ્યાનથી જોવા લાગ્યા.
તેમને દીકરીની વાત બરાબર લાગી.
પિતાએ પ્રેમથી દીકરીને કહ્યું :
'ગ્રેસ, તારી વાત બરોબર છે.
'તું એક કામ કર.
'તારા હાથે જ લિંકનને પત્ર લખ.
'એમાં દાઢીની વાત જણાવ.'
ગ્રેસ પિતાની વાત સાંભળીને રાજી રાજી થઈ ગઈ.
તે પોતાના ઓરડામાં ગઈ.
તેણે કાગળ અને કલમ લીધાં.
ધીમે ધીમે તે લખવા લાગી :

૧૫મી ઑકટોબર, ૧૮૬૦

**વહાલા લિંકન સાહેબ,**

**હું અગિયાર વરસની છોકરી છું.**
**તમે અમારા પ્યારા નેતા છો.**
**હું ઇચ્છું છું કે તમે અમારા પ્રમુખ બનો.**
**આજે મેં તમારો ફોટો જોયો.**
**ફોટામાં તમે ખૂબ દૂબળા-પાતળા લાગો છો!**
**મારી એક સલાહ માનશો?**
**તમે દાઢી રાખો.**
**દાઢીથી તમે ઘણા સરસ દેખાશો.**
**લોકો ઉપર તમારી અસર પડશે.**
**લોકો તમને જ મત આપશે.**
**તમે બધે ચૂંટાઈ આવશો,**

તમે દેશના પ્રમુખ જરૂર બનશો.
તમને મારા જેવડી દીકરી છે કે?
જો હોય તો તેને મારા પ્રણામ કહેશો અને કાગળ લખવાનું કહેશો.

આપની
ગ્રેસ બીડલ

લિંકનને ગ્રેસનો પત્ર મળ્યો.

અજાણી બાળકીનો પત્ર વાંચી લિંકન ખૂબ રાજી થયા.

તેમણે તરત જ એ પત્રનો જવાબ આપ્યો.

પત્ર ગ્રેસને મળ્યો.

તે ખૂબ ખૂબ રાજી થઈ.

માતાપિતા પણ રાજી રાજી થઈ ગયાં.

આટલા મોટા નેતાએ નાનકડી બાળકીને પત્ર લખ્યો !

એ કંઈ નાનીસૂની વાત કહેવાય?

થોડા વખત પછી લિંકન ગ્રેસના ગામે પધાર્યા.

ગામલોકોએ એમનું ભાવભર્યું સ્વાગત કર્યું.

લિંકને સભામાં ભાષણ આપ્યું.

ભાષણ પૂરું થયું, એટલે લિંકને કહ્યું :

'આ ગામમાં ગ્રેસ નામની એક નાનકડી છોકરી રહે છે.

'તેણે મને કાગળ લખ્યો હતો.

'મારે તેને મળવું છે.'

આ સાંભળી ગ્રેસ ઘેલી ઘેલી બની ગઈ.

લોકોની ભીડમાંથી મારગ કાઢતી તે લિંકન પાસે પહોંચી ગઈ.

લિંકને તેને બાથમાં લઈ લીધી.
વહાલભર્યા અવાજે તેમણે કહ્યું :
'દીકરી, મેં તારી સલાહ માની લીધી છે.
'આ જો, મેં દાઢી રાખી છે.'
ગ્રેસ દીકરીના હરખનો પાર ન રહ્યો.
અને છેવટે નાનકડી બાળકીની ભાવના ફળી.
એબ્રહામ લિંકન અમેરિકાના મહાન પ્રમુખ બન્યા.
છેવટ લગી લિંકને દાઢી રાખી હતી.

## ૭

## બાળક માટે બારણાં ખુલ્લાં

રવીન્દ્રનાથ ઠાકુર મોટા કવિ હતા.
તેમણે એક સંસ્થા શરૂ કરી હતી.
સંસ્થાનું નામ : શાંતિનિકેતન.
ત્યાં નાનામોટા વિદ્યાર્થીઓ ભણે.
ત્યાં રહેવા માટે છાત્રાલય પણ ચાલે.
એક વાર સાતેક વરસના વિદ્યાર્થીને થયું :

'લાવ, વહેલી સવારે ગુરુદેવને પ્રથમ પ્રણામ કરી આવું.'

શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ઠાકુરને 'ગુરુદેવ' કહીને સૌ બોલાવતાં.

એટલે પેલો બાળક ગુરુદેવના ઓરડામાં ધીમેથી ગયો.

પરંતુ તે વખતે ગુરુદેવ ધ્યાનમાં બેઠા હતા.
એટલે તેમનું ધ્યાન બાળક પર પડ્યું નહિ.
એ બાળકને ગુરુદેવ તરફથી કશો આવકાર ન મળ્યો.
એથી તે નિરાશ બનીને જતો રહ્યો.
શાંતિનિકેતનમાં એક નિયમ હતો.
એ સભાનું સંચાલન વિદ્યાર્થીઓ કરતા.
એમાં વિદ્યાર્થીઓ પોતપોતાની ફરિયાદ કહેતા.
તેમને પૂરેપૂરી છૂટ હતી.
કોઈ પણ વાત હોય.
હિંમતપૂર્વક તેઓ કહેતા.
પછી તેનો નિકાલ લાવવા વિચારતા.
કોઈને રસોડા અંગે ફરિયાદ હોય.
કોઈને છાત્રાલય વિશે ફરિયાદ હોય.
કોઈને અમુક શિક્ષક વિશે ફરિયાદ હોય.
જરાયે સંકોચ રાખ્યા વિના વિદ્યાર્થીઓ પોતાની વાત કહેતા.
ગુરુદેવ આ સભામાં હાજર રહેતા.
એક બાજુએ બેસીને તે શાંતિથી બધું સાંભળતા.
આ વખતની સભામાં પેલો નાનકડો વિદ્યાર્થી ઊભો થયો.
તે હિંમતથી બોલ્યો :
'હું એક દિવસ વહેલી સવારે ગુરુદેવને પ્રણામ કરવા ગયો.
'પણ ગુરુદેવે મારા તરફ જોયું પણ નહિ !

'મારે આમ ને આમ પાછાં ફરવું પડ્યું.

'આવા કેવા ગુરુદેવ !

'આ કંઈ એમની રીત છે ?'

ગુરુદેવ આ બાળકની કાલી કાલી વાણી સાંભળીને ખડખડ હસી પડ્યા.

વિદ્યાર્થીઓની રજા લઈ તે બોલવા ઊભા થયા.

પેલા મીઠડા બાળકને વહાલથી સમજાવતાં ગુરુદેવ બોલ્યા :

'તમે બધા તો જાણો છો જ.

'હું વહેલી સવારે ધ્યાનમાં બેસું છું.

'તું આવ્યો ત્યારે હું ધ્યાનમાં બેઠો હતો.

'એટલે મેં તને જોયો નહિ.

'તને માઠું લાગ્યું એ બરોબર છે.

'એ બદલ હું તારી માફી માગું છું.'

આ પ્રસંગ પછી ગુરુદેવે એક નિયમ કર્યો.

કોઈ પણ બાળક એમની પાસે ક્યારેય જઈ શકે.

ભલે ગુરુદેવ કેટલાય કામમાં હોય.

ભલે ગુરુદેવ આરામ કરતા હોય કે ધ્યાનમાં બેઠા હોય.

બાળક માટે ગુરુદેવનાં બારણાં હમેશાં ખુલ્લાં.

ત્યારથી ગુરુદેવ પોતાના ઓરડામાં પિપરમીંટ કે એવું કશુંક રાખતા.

કોઈ પણ બાળક એમની પાસે આવે, ત્યારે એને કંઈ ને કંઈ આપતા.

બાળક રાજી રાજી થઈ જાય.

## ૮

## આપેલું વચન પાળ્યું

અમેરિકામાં એક જાણીતા ઇતિહાસકાર થઈ ગયા.
તેમનું નામ હતું વિલિયમ નેપિયર.
એક દિવસ નેપિયર ક્યાંક જતા હતા.
રસ્તામાં તેમણે એક ગરીબ નાનકડી છોકરી જોઈ.
તે ઊભી ઊભી રડતી હતી.
નેપિયર તેની પાસે ગયા.
તેના માથે હેતથી હાથ ફેરવતાં તેમણે પૂછ્યું :
'બચ્ચા, તું શા માટે રડે છે ?
'તને કોઈએ માર્યું ?
'તું ભૂલી પડી છે ?
'તારું કંઈ ખોવાઈ ગયું છે ?'
છોકરી ડૂસકાં ભરતી બોલી :
'હું પાણી ભરવા જતી હતી.
'રસ્તામાં મને ઠોકર વાગી.
'એટલે હું પડી ગઈ.
'મારો ઘડો નીચે પછડાતાં ફૂટી ગયો.
'ઘેર જઈશ, તો મારી મા મને મારશે !'
નેપિયર એને ધીરજ આપતાં બોલ્યા :
'બેટા, રડ નહિ.

'હું તને પૈસા આપું છું.
'તું નવો ઘડો ખરીદી લેજે.'
એમ કહીને નેપિયરે પોતાના ગજવામાં હાથ નાખ્યો.
પાકીટ કાઢીને જુએ તો એમાં પૈસા ન મળે !
હવે શું થાય ?
તેમણે પેલી ગરીબ છોકરીને કહ્યું :
'તું કાલે આ જ વખતે અહીં આવજે.
'હું તને બીજો ઘડો ખરીદવા પૈસા આપીશ.
'તારી માને કહેજે, કે તું કાલે ઘડો લાવી આપશે.
'મારી વાત તું કહેજે.
'કાલે અહીં જરૂર આવજે.
'હું તારી રાહ જોઈશ.'
બીજો દિવસ થયો.
નેપિયર પેલી છોકરી પાસે જવા નીકળ્યા.
ત્યાં તો તેમના ખાસ મિત્રનો તાર આવ્યો.
તાર વાંચીને નેપિયર વિચારમાં પડી ગયા.
પેલો મિત્ર આ જ સમયે રેલવેગાડીમાંથી ઊતરવાનો હતો.
નેપિયરને સ્ટેશને બોલાવ્યા હતા.
હવે શું કરવું ?
પેલી છોકરી ત્યાં આવીને એમની રાહ જોશે.
બીજી બાજુ પેલો મિત્ર નેપિયરની સ્ટેશને રાહ જોશે !
એક જ સમયે બે ઠેકાણે હાજર કેમ રહેવાય ?
પરંતુ નેપિયરે એમાંથી રસ્તો કાઢયો.

પોતાના નોકરને પેલા મિત્રને લેવા સ્ટેશને મોકલ્યો.

અને નેપિયર પોતે પેલી ગરીબ અજાણી બાળકીને પૈસા આપવા ગયા.

## ૯
## હિંમત ન હાર

મિસર નામે દેશ છે.

એમાં એક નાનો છોકરો રહે.

એ બિચારો આંખે દેખી શકતો ન હતો.

આંખે દેખાય નહિ અને કોઈ સહારો આપનાર ન મળે !

એકલા એકલા કેમ જિવાય ?

એને પોતાનો અંધાપો સાલતો હતો.

ગામના લોકો એની દયા ખાય.

ગામની સ્ત્રીઓ પાણી ભરવા જાય.

રસ્તામાં આ આંધળા છોકરાને જુએ.

તેઓ કરુણ અવાજે કહે :

'અરેરે ! આ બિચારો કેટલો દુઃખી છે !

'ન મળે મા કે ન મળે બાપ !

'એમાં વળી અંધાપો !

'હું તો આવી દશામાં એક ઘડી પણ જીવી ન શકું !

'આના કરતાં મરવું ભલું !'

આવું આવું ઘણી વાર એ અંધ બાળકને સાંભળવા મળે.

એ બિચારો જિંદગીથી કંટાળી ગયો.

તેને પણ થયું :

'આમ કોઈની દયા પર ક્યાં સુધી જિવાશે ?

'આંખ વિના અંધારું !

'આના કરતાં ખુદા મોત આપે તો સારું !'

પણ કોઈનું માગ્યું મોત ઓછું આવે છે ?

એક દિવસ છોકરો જીવ ઉપર આવી ગયો.

તેણે કૂવામાં પડીને મરી જવાનો વિચાર કર્યો.

વહેલી સવારે તે ઊઠ્યો.

હજી બહાર અંધારું હતું.

પણ એ બાપડાને અંધારું અને અજવાળું બધું સરખું !

હા, એટલું ખરું, લોકો હજી ભરનિંદરમાં સૂતા હતા.

રસ્તા પર કોઈ ફરકતું ન હતું.

છોકરો જાણતો હતો, કે લોકોના દેખતાં કૂવામાં ઓછું પડાય છે ?

કોઈ એને પડવા ન જ દે.

એટલે તેણે આ સમય પસંદ કર્યો.

લાકડીને સહારે સહારે તે કૂવા પાસે ગયો.

તેનું દિલ ભરાઈ આવ્યું.

ખુદાને યાદ કરી, તે કૂવામાં ભૂસકો મારવા જતો હતો.

ત્યાં તો કોઈ માયાળુ હાથે એને પકડી લીધો !

તે હતા ગામના ભલા અને સાધુચરિત મુલ્લાંસાહેબ.

મુલ્લાંસાહેબ ત્યાંથી પસાર થતા હતા.

તેમણે આ અંધ છોકરાને કૂવા તરફ જતો જોયો.

તેમને શંકા ગઈ.

તે એની પાસે દોડી ગયા.

છોકરાને તેમણે ઝટ પકડી લીધો.

મુલ્લાંસાહેબ હેતથી બોલ્યા :

'બેટા, આ તો કૂવો છે.

'એમાં તું પડી જઈશ.'

છોકરો કંટાળાભર્યા અવાજે કહે :

'બાબા, મને પડવા દેવો હતો ને!

'આ ફાની દુનિયામાંથી છૂટત.'

મુલ્લાંસાહેબ તેના વાંસા પર વહાલથી હાથ ફેરવતાં ફેરવતાં કહે :

'અરે બેટા, એમ હિંમત હાર્યે કેમ ચાલે?

'દુનિયામાં બધે સુખ જ નથી.

'દુઃખ પણ છે.

'સુખ-દુઃખ સહન કરતાં શીખવું જોઈએ.

'હિંમતે મર્દા તો મદદે ખુદા!'

છોકરો રડતો રડતો બોલ્યો :

'બાબા, આપ જાણો છો કે હું અંધ છું.

'ગરીબ છું, નિરાધાર છું.

'આંખ વિના જિંદગીભર ઓશિયાળું જીવન જીવવા કરતાં મરવું ભલું!'

મુલ્લાંસાહેબે એને ગોદમાં લઈને પ્રેમથી ધીરજ

આપતાં કહ્યું :

'બેટા, હિંમત ન હાર.

'આંખ એ ઘણી ઉપયોગી છે એ ખરું.

'પણ આંખ વગર કોઈ પ્રગતિ ન કરી શકે એવું નથી.

'દુનિયામાં એવાં ઘણાં આંખ વગરનાં થઈ ગયાં છે.

'તેઓની સરખામણીમાં આંખવાળાં પણ ઊભાં રહી શકે એમ નથી.

'બેટા, સાચી રીતે મન એ મોટામાં મોટી ચીજ છે.

'મન જ જિંદગીનું સાચું સુકાન છે.

'બીજી મદદ મળે કે ન મળે.

'પણ મન એકલું જીવન-નાવને કિનારે લઈ જઈ શકે છે.

'ભારેમાં ભારે તોફાન મનને ડગાવી શકતું નથી.

'બેટા, મનનું સુકાન ન છોડ !

'એને પકડી રાખ.

'હિંમત ધર !'

મુલ્લાંસાહેબનાં આશ્વાસનભર્યાં વચનોની છોકરા પર ભારે અસર થઈ.

તેણે જીવનનું સુકાન બદલ્યું.

તેણે બધી નિરાશા ખંખેરી નાખી.

તે ભણવા લાગ્યો.

તે ખૂબ ખૂબ ભણ્યો.

તે મોટપણે મિસર દેશના મોટા વિદ્વાન તરીકે

જાણીતા થયા.

મિસર દેશનું ગૌરવ બની ગયા.

તેમનું નામ છે :

તાહા હુસેન.

## ૧૦
## 'ઓ બાપ રે !'

આપણા દેશના વડા પ્રધાન જવાહરલાલ નેહરુ એક વાર બાળમેળામાં ગયા હતા.

દિલ્હીમાં 'શંકર્સ વીકલી' સામયિકના સંપાદકે આ બાળમેળો યોજ્યો હતો.

જવાહરલાલજીને મુખ્ય મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા હતા.

બાળકો નેહરુ ચાચાને ખૂબ જ વહાલા.

એટલે જ તેમણે પોતાના જન્મદિવસને 'બાળદિન' તરીકે ઊજવવાનું કહ્યું હતું.

બાળકો વચ્ચે નેહરુ ચાચા ખુશખુશાલ નજરે પડે.

બાળમેળામાં નેહરુ ચાચા બાળકો વચ્ચે ઘૂમવા લાગ્યા.

નેહરુ ચાચા એક ડાહ્યાડમરા બાળક પાસે ગયા.

પોતાના ગળામાંનો ફૂલહાર એ બાળકને તેમણે વહાલથી પહેરાવ્યો.

નેહરુ ચાચાએ બાળકને હેતથી પૂછ્યું :

'તારું નામ શું, મુન્ના?'

પણ બાળક તો ચૂપ જ રહ્યો.

નેહરુ ચાચાએ ફરીને વધારે વહાલથી પૂછ્યું :

'ચાલ ભાઈ, તારું નામ કહેશે, તો તને બીજો ફૂલ-હાર આપીશ.'

તોયે પેલા બાળારાજા તો બોલ્યા જ નહિ.

આમ સસ્તામાં તે માની જાય એવા ન હતા.

નેહરુ ચાચાએ એને મનાવવા તેના વાંસા પર હાથ ફેરવીને હસતાં હસતાં કહ્યું :

'અચ્છા, તને મીઠી મજાની મીઠાઈ પણ આપીશ.

'બોલ જોઉં, મુન્ના, તારું નામ શું?'

'મોતીલાલ.'

એ સાંભળીને જવાહરલાલજી ચમકીને બોલી ઊઠ્યા :

'ઓ બાપ રે!'

જવાહરલાલ નેહરુના પિતાશ્રીનું નામ તમે જાણો છો ને?

જવાહરલાલજીના પિતાજીનું નામ હતું :

'મોતીલાલ'!

નેહરુ ચાચા એ મીઠડા 'મોતીલાલ'ના વાંસા ઉપર વહાલભર્યો હાથ ફેરવીને હસતા હસતા આગળ વધ્યા.

## ૧૧
## 'અમેય બાળબચ્ચાંવાળાં છીએ'

જ્વાલાપ્રસાદ મિશ્ર નામના એક ભાઈ.

તે ઉનાળાની રજામાં પોતાના કુટુંબ સાથે વિલાસપુર જવા રેલવેમાં નીકળ્યા.

એમને એક નાની બેબી હતી.

તેને માટે થર્મોસમાં દૂધ લઈ લીધું હતું.

પણ રસ્તામાં જ એ પૂરું થઈ ગયું.

હવે શું થાય?

વચ્ચે બેબી દૂધ માગે તો?

એ ભાઈ સ્ટેશને સ્ટેશને ઊતરીને દૂધ માટે તપાસ કરવા લાગ્યા.

પરંતુ ક્યાંય દૂધ મળે નહિ!

ત્યાં તો બેબી ભૂખી થઈ.

દૂધ વિના તે મોટેથી રડવા લાગી.

બપોરનો વખત હતો.

તાપ પણ સખત પડતો હતો.

એવામાં પેંડ્રાસેડ નામનું સ્ટેશન આવ્યું.

ત્યાં ચાનો એક સ્ટૉલ હતો.

પેલા ભાઈ પ્યાલો લઈને સ્ટેશને ઊતર્યા.

સ્ટૉલવાળા પાસે જઈને તેમણે પૂછ્યું :

'ભાઈ, એકાદ ગ્લાસ દૂધ મળશે ?'
સ્ટૉલવાળાએ કહ્યું :
'અમને ચા બનાવવા જ દૂધ પૂરતું મળતું નથી.
'તો પછી વેચવાની વાત જ શી ?'
પેલા ભાઈએ વિનંતી કરતાં કહ્યું :
'ભાઈ, મોટી મુશ્કેલી આવી પડી છે!
'મારી નાની બેબીને સવારથી દૂધ મળ્યું નથી.
'મેં એકેએક સ્ટેશને તપાસ કરી.
'પણ બચ્ચા માટે દૂધ મળ્યું નહિ!
'તે ખૂબ જ ભૂખી થઈ છે.
'દૂધ વિના તે ખૂબ રડે છે.
'તમારે જેટલા પૈસા જોઈએ તેટલા ખુશીથી લો.
'પણ મહેરબાની કરી બેબી માટે થોડુંક દૂધ આપો.
'બચ્ચા તરફ જુઓ.
'અમે તમારા ખૂબ આભારી થઈશું.'
એ સ્ટૉલવાળા પાસે ચા બનાવવા માટે એક ગ્લાસ જેટલું જ દૂધ હતું.
તેણે એ બધું દૂધ પેલા ભાઈને આપી દીધું.
પેલા ભાઈએ પૂછ્યું :
'બોલો, ભાઈ! દૂધના કેટલા પૈસા આપું ?
'ખરે ટાણે તમે અમારી ભીડ ભાંગી.
'અમે તમારાં આભારી છીએ.'
પરંતુ સ્ટૉલવાળાએ પૈસા લીધા નહિ.
તેણે સહજ ભાવે કહ્યું :

'અરે, એના તે કંઈ પૈસા લેવાતા હશે?
'ભાઈ, અમેય બાળબચ્ચાંવાળાં છીએ.
'તમારી મુશ્કેલી હું સમજી શકું છું.
'અમારો પણ કોઈ વાર વારો આવે.
'જાઓ, દીકરીને ખુશીથી દૂધ પાઈ દો.'
ત્યાં તો ગાડીની સીટી વાગી.

પેલા ભાઈ સ્ટૉલવાળાનો આભાર માનતા ડબ્બા ભણી દોડી ગયા.

ગાડી ઊપડી.

ભાઈ અને તેમનાં પત્ની સ્ટૉલવાળા સજ્જન ભણી ઉપકારવશ જોઈ રહ્યાં.

## ૧૨

## બાળકોને આવકાર

ખ્રિસ્તી ધર્મના એક મોટા ધર્મગુરુ.
તેમનું નામ સંત ફ્રાન્સિસ ઝેવિયર.
તેમને બાળકો ખૂબ જ વહાલાં.
કેવુંય કામ હોય,
પણ કોઈ બાળક તેમની પાસે આવે,
એટલે તે હેતથી બાળકને આવકારતા.
બાળકની સાથે બાળકમય બની જતા.
એક વખતે સંત ઝેવિયર ઘણા દિવસો સુધી એક

કામમાં રોકાયેલા રહ્યા.

એ કામ પૂરું કરવા તે રાતે પણ મોડે સુધી એની પાછળ મંડ્યા રહેતા હતા.

થોડા દિવસ પછી કામ પૂરું થયું.

સંત થાકીને લોથપોથ જેવા થઈ ગયા હતા.

તેમને થયું, હવે નિરાંતે ઊંઘી જાઉં.

સંત ઝેવિયરે દેવળના એક ભાઈને બોલાવીને કહ્યું :

'મારું શરીર ખૂબ થાકી ગયું છે.

'એને આરામની જરૂર છે.

'હું હવે મારી ઓરડીમાં સૂવા જાઉં છું.

'તું અહીં ધ્યાન રાખજે.

'મને કોઈ મળવા આવે.

'તેને કેટલુંય અગત્યનું કામ ભલે હોય.

'પણ તું મને જગાડતો નહિ.

'તેને બેચાર કલાક પછી આવવા કહેજે.'

એમ કહીને સંત પોતાની ઓરડીમાં સૂવા ગયા.

પણ સંતને કંઈક યાદ આવી ગયું.

તે બહાર આવીને પેલા ભાઈને કહે :

'અરે હાં, જો કોઈ બાળક મને મળવા આવે,

'તો મને તરત જ જગાડજે.

'બાળકને પાછો મોકલતો નહિ.'

## ૧૩

# ગોળ ખાવાનું છોડી દીધું

મહારાષ્ટ્રમાં એક મોટા સંત થઈ ગયા.
તેમનું નામ હતું સંત જ્ઞાનેશ્વર.
એક દિવસ એમની પાસે એક માતા આવી.
એ માતા સાથે આઠ-નવ વરસનો દીકરો હતો.
સંતને પગે પડી માતા કહે :
'મહારાજ, મારો દીકરો રોજ ગોળ બહુ ખાય છે!
'એક દિવસ ખાય તો સમજ્યા.
'પણ આ તો વારેઘડીએ ગોળ ખાયા જ કરે છે.
'હું તો એને કહી કહીને થાકી ગઈ.
'મારું એ જરાયે માનતો નથી.
'મારા બોલની એના પર કશી અસર જ પડતી નથી!
'એટલે છેવટે એને આપની પાસે લાવી છું.
'આપ મોટા મહાત્મા છો.
'આપ એને ગોળ ન ખાવાનું સમજાવો.
'એ આપનું માની જશે અને ગોળ ખાવાનું છોડી દેશે.
'મારા ઉપર આટલી કૃપા કરો.'
જ્ઞાનેશ્વર મહારાજ ધીમેથી બોલ્યા :

'મા, તું એને લઈને એક અઠવાડિયા પછી મારી પાસે આવજે.

'પછી મારે એને જે કંઈ કહેવાનું હશે તે હું કહીશ.'

સાત દિવસ પસાર થઈ ગયા.

માતા દીકરાને લઈને સંત પાસે આવી.

માતા જ્ઞાનેશ્વરને પ્રણામ કરી બોલી :

'મહારાજ, એક અઠવાડિયું થઈ ગયું છે.

'આપના કહેવા મુજબ મારા દીકરાને લઈને આપની પાસે આવી છું.

'આપ હવે એને ગોળ ન ખાવાનું સમજાવો.'

સંત જ્ઞાનેશ્વરે પેલા બાળકને માથે હાથ ફેરવતાં ફેરવતાં વહાલથી કહ્યું :

'બાળ, હવે પછી ગોળ વધારે ખાતો નહીં.

'તારી બા તને આપે ત્યારે જ ખાજે.

'બા કહે એમ કરજે.'

બાળકે હકારમાં માથું હલાવ્યું.

આ જોઈ માતા ખૂબ નવાઈ પામી.

તેને મનમાં થયું :

'જ્ઞાનેશ્વર મહારાજને બસ આટલું જ કહેવાનું હતું ?

'તો પછી મને સાત દિવસ બાદ શા માટે બોલાવી !'

'તે જ વખતે તેમણે આટલું કહી દીધું હોત તો શું થાત ?

'આનું કારણ શું હશે ?'

માતા મનમાં ને મનમાં મૂંઝાઈ ગઈ!

એટલે તેણે પોતાની શંકાનું નિવારણ કરવા સંતને વિનંતી કરી.

સંત જ્ઞાનેશ્વર બોલ્યા :

'મા, તે દિવસે તું પહેલી વાર મારી પાસે આવી હતી.

'તેં મને તારા બાળને ગોળ ન ખાવાનું સમજાવવા કહ્યું હતું.

'પણ તે વખતે હું પોતે જ ગોળ ખાતો હતો!

'હું પોતે જ ગોળ ખાતો હોઉં, તો પછી નાના બાળકને ગોળ ન ખાવાની શિખામણ શી રીતે આપી શકું?

'મારા વચનની એના ઉપર કશી અસર જ ન પડે.

'તેથી મને મનમાં થયું કે, મારે જ પહેલાં ગોળ ખાવાનું છોડી દેવું જોઈએ.

'હું આમ કરી શકું, તો જ આ બાળને પણ ગોળ ન ખાવાનું કહી શકું.

'તેથી મેં વિચાર્યું કે, લાવને, હું જ પહેલાં ગોળ છોડી દઉં.

'જોઉં તો ખરો, મારાથી ગોળ ખાધા વિના રહેવાય છે કે નહિ?'

'મા, એક અઠવાડિયાથી મેં ગોળ જરાયે ખાધો નથી.

'હવે પછી હું ગોળ ખાઈશ પણ નહિ.

'ગોળ વિના મને ચાલશે, એટલી મને ખાતરી થઈ છે.

'તેથી હવે બીજાને પણ ગોળ ન ખાવાની શિખામણ હું આપી શકું ખરો.

'મા, આ કારણે જ મેં તને સાત દિવસ પછી બોલાવી હતી.

'મા, આપણા આચરણની જ બાળક પર અસર થાય.

'આચરણ વિનાનો ઉપદેશ નકામો !'

જ્ઞાનેશ્વર મહારાજની વાત સાંભળીને માતાની આંખમાંથી આંસુ ટપકી પડચાં.

તે ભક્તિભાવથી મહારાજને પગે પડી.

પછી આંખો લૂછતી લૂછતી, બાળકને તેડીને તે પોતાને ઘેર ગઈ.

## ૧૪

## બાળકને નાસ્તો

કિશોરલાલભાઈ મશરૂવાળા એક મોટા વિચારક થઈ ગયા.

તે કેળવણીકાર તરીકે પણ જાણીતા થયા છે.

ગાંધીજીની સાથે તે કામ કરતા હતા.

કિશોરલાલભાઈ વર્ધા રહેતા હતા.

ગાંધીજી પછી તે 'હરિજન' પત્રોનું સંપાદન કરતા હતા.

એક દિવસ કિશોરલાલભાઈ 'હરિજન' અઠવાડિક માટે લેખ લખવા બેઠા હતા.

એવામાં એક છોકરો રડતો રડતો તેમની પાસે આવ્યો.

તે એક કાર્યકર્તાનો છોકરો હતો.

કિશોરલાલભાઈએ હેતથી પૂછ્યું :

'બાબા, કેમ રડે છે?

'કોઈએ તને માર્યો છે કે શું?

'તારી બા વઢી તો નથી ને?'

પેલો નાનકડો છોકરો રડતો રડતો બોલ્યો :

'બાલમંદિરમાં બહેને મને નાસ્તો ન આપ્યો!'

એ સાંભળીને કિશોરલાલભાઈ હસતા હસતા કહે :

'બસ, એટલું જ ને?

'અરે, એમાં રડવાનું શું?

'તારાં બહેને નાસ્તો ન આપ્યો તો કંઈ નહિ.

'હું તને નાસ્તો આપીશ.

પછી તો ખુશ ને?'

એમ કહીને તેમણે પોતાનાં ધર્મપત્ની ગોમતીબહેનને બોલાવ્યાં.

તેમણે પેલા બાળક માટે ઘરમાંથી કશો નાસ્તો લઈ આવવા કહ્યું.

ગોમતીબહેન એક રકાબીમાં નાસ્તો લઈ આવ્યાં.

પેલો બાળક નાસ્તો મળતાં છાનો રહી ગયો.

નાસ્તો કરીને તે હસતો-કૂદતો ચાલ્યો ગયો.

સાંજ પડી.

કિશોરલાલભાઈએ બાલમંદિરનાં બહેનને બોલાવ્યાં.

પેલા બાળકને નાસ્તો ન આપવાનું કારણ પૂછ્યું.

બહેને કહ્યું:

‘એ વર્ગમાં ખૂબ જ તોફાન કરતો હતો.

‘એટલે મેં એને નાસ્તો ન આપવાની સજા કરી.’

કિશોરલાલભાઈએ કહ્યું:

‘આવું હોય, તો આપણે અકળાવું નહિ.

‘એનું કારણ શોધવા પ્રયત્ન કરવો.

‘એને સમજાવો.

‘જરાક ધમકાવવો.

‘પણ નાસ્તો ન આપવાની સજા કદી ન કરવી.

‘એ શારીરિક સજા કરતાંયે ભૂંડી છે.

‘એવી સજા બાળકના આત્મા પર ઘા કરવા બરોબર છે.’

## ૧૫

## શોખીન ચોપડી વાંચનારો

ઘણાં વરસો પહેલાંની આ વાત છે.

ઇંગ્લૅંડ દેશમાં એક છોકરો રહેતો હતો.

તે ખૂબ ગરીબ હતો.

તેને એક છાપખાનામાં કામ મળ્યું.

તે જમાનામાં બાર કલાક કામ કરવું પડતું.

તે આખો દિવસ સખત કામ કરે.

પણ એને રોજી ખૂબ જ ઓછી મળે.

એ છોકરાને ચોપડી વાંચવાનો ભારે શોખ.

પણ એ બાપડા પાસે એકેય ચોપડી ન મળે.

ખાવાના જ સાંસા, પછી ચોપડી ખરીદે ક્યાંથી ?

તે સવારે કામે જવા નીકળતો.

રસ્તામાં જૂનાં પુસ્તકો વેચનારની એક દુકાન આવતી હતી.

તે દુકાન પાસે થોભી જતો.

દુકાનમાં ચોપડીઓ ઘરાકને જોવા માટે એક શો-કેસ જેવા કબાટમાં ગોઠવવામાં આવતી.

છોકરો એ ચોપડીઓ ઊભો રહીને જોતો.

એમાં કોઈ ચોપડી ઉઘાડી પડેલી હોય.

છોકરો એ જોઈને રાજી રાજી થઈ જતો.

વહેલી સવારના ઝાંખા અજવાળામાં તે પેલાં બે ખુલ્લાં પાનાં વાંચવા લાગી જતો.

એક દિવસ તેને એક રસિક નવલકથાનાં પહેલાં બે પાનાં વાંચવા મળ્યાં.

તેને થયું, હવે આગળ શું હશે ?

એ ચોપડી વાંચવા મળે તો સારું !

પરંતુ તે બરોબર જાણતો હતો કે –

તેના નસીબમાં એ નવલકથા વાંચવાનું ક્યાંથી લખ્યું હોય ?

તે ઊંડો નિસાસો નાખીને કામે જવા ઊપડ્યો.

બીજે દિવસે તે શો-કેસ પાસે આવીને ઊભો.

જુએ તો એ પછીનાં બે પાનાં ખુલ્લાં પડ્યાં હતાં!

તે રાજી રાજી થઈ ગયો.

તેણે ઝડપભેર બે પાનાં વાંચી નાખ્યાં.

હવે પછી શું આવશે?

ભગવાન જાણે!

તેને તો એટલું વાંચીને સંતોષ માનવો રહ્યો.

ત્રીજે દિવસે જુએ, તો આ શું?

એ પછીની વાતનાં બે પાનાં ખુલ્લાં!

તે હરખાઈ ઊઠ્યો:

'વાહ! ભાઈ, વાહ! આ તો ભારે ચમત્કાર!'

તે એ બે પાનાં હોંશે હોંશે વાંચવા લાગ્યો.

પછી તો આમ જ ચમત્કાર થવા લાગ્યો.

આમ ને આમ તેણે આખી નવલકથા વાંચી નાખી.

છોકરાને ખૂબ આનંદ થયો.

છેલ્લાં બે પાનાં વાંચીને તે કામે જવા લાગ્યો.

ત્યાં તો ઘરડા દુકાનદારે એ છોકરાને વહાલથી હાક મારીને બોલાવ્યો.

એ ઘરડા દુકાનદારે દુકાનમાં બેઠાં બેઠાં આ શોખીન ચોપડી વાંચનારને જોયો હતો.

એટલે એ ભલા ડોસા રોજ બે પાનાં આગળ ને આગળ ખોલીને મૂકતા હતા.

ડોસાએ છોકરાને વહાલથી થાબડીને કહ્યું:

'દીકરા, તું રોજ દુકાનમાં ખુશીથી આવજે.

'અહીં બેસીને તારે મન ફાવે એ ચોપડી વાંચજે.

'ચોપડી ખરીદવી જ જોઈએ એવું તારે માટે નથી.

'આ દુકાન તારા જેવા શોખીન ચોપડી વાંચનાર માટે હમેશાં ખુલ્લી છે.'

છોકરાને તો મનપસંદ મળી ગયું.

તેણે ડોસાબાપાનો ખૂબ ખૂબ આભાર માન્યો.

તે રોજ સવારે આવવા લાગ્યો.

મોટો થઈને એ છોકરો એક સારો નવલકથાકાર તરીકે જાણીતો થયો.

એ છોકરાનું નામ હતું:

બેન્જામીન ફ્રેઝી ઓન.

## ૧૬

## ભગવાનને બિન-તારી સંદેશો!

માર્કોની નામના એક મોટા વિજ્ઞાની થઈ ગયા.

તેમણે બિન-તારી — વાયરલેસ — સંદેશા મોકલવાની શોધ કરી હતી.

તારનાં દોરડાં વિના વીજળીની અમુક કરામત વડે સંદેશા મોકલવાની આ શોધ અદ્ભુત કહેવાય.

માર્કોની આ શોધથી આખી દુનિયામાં જાણીતા થઈ ગયા.

એક વાર દૂરના ગામડામાં એક બાળકીનો કૂતરો માંદો પડી ગયો.

છોકરીને એ કૂતરો ખૂબ જ વહાલો.
એ મરી જાય તો ?
એ વિચારે છોકરી કંપી ઊઠતી.
છોકરીને એકાએક માર્કોની યાદ આવી ગયા.
તેણે તરત જ માર્કોનીને પત્ર લખ્યો :

'વહાલા માર્કોની સાહેબ,
'હું નાનીશી બાળા છું.
'તમને થોડી તસ્દી આપું છું.
'મને માફ કરશોજી.
'તમે ખૂબ કામમાં હશો.
'પણ તમે જ મને મદદ કરી શકો એમ છો.
'મારો કૂતરો માંદો પડી ગયો છે.
'તે મને ખૂબ જ વહાલો છે.
'તે મરી જાય, તો મને ખૂબ ખૂબ દુઃખ થાય !
'તમે મારે માટે એક કામ કરો.
'તમે બિન તારી સંદેશા મોકલી શકો છો.
'ભગવાનને મારે બદલે સંદેશો મોકલો.
'મારો કૂતરો સાજો થઈ જાય એમ કહો.
'આટલું જરૂર કરશોજી.'

આ અણજાણ બાળકીનો સંદેશો મળતાં માર્કોની વિચારમાં પડી ગયા.

ભગવાનને શી રીતે સંદેશો મોકલાવાય ?
ભોળી બાળાને આ સમજાવવું શી રીતે ?
ના પાડું, તો તે હતાશ થઈ જશે !

હવે શું થાય ?

માર્કોની વિમાસણમાં પડી ગયા.

ત્યાં તો તેમને એક વિચાર સૂઝ્યો.

તે આનંદભેર ઊભા થઈ ગયા.

કપડાં પહેરીને તે બહાર નીકળી ગયા.

શહેરના બાહોશ પશુ દાકતરને ત્યાં ગયા.

દાક્તરને પોતાની મૂંઝવણ કહી.

માર્કોનીએ દાક્તરને વિનંતી કરી :

'તમારે જે ફી લેવી હોય તે લેજો.

'હું તે ખુશીથી આપીશ.

'તમે ચાંપતા ઈલાજ કરશો.

'થોડા દિવસ રોકાજો.

'પણ કૂતરાને સાજો કરી દો.'

દાક્તર તૈયાર થયા.

એટલે માર્કોનીએ બાળાનું સરનામું તેમને લખી આપ્યું.

સાથે ચિઠ્ઠી લખી આપી :

'વહાલી બચલી,

'તારો કાગળ મળ્યો.

'મેં ભગવાનને સંદેશો મોકલ્યો છે.

'પણ એ દરમિયાન મારા એક મિત્ર દાક્તરને મોકલું છું.

'તે તારા કૂતરાની સારવાર કરશે.

'ભગવાન તારા કૂતરાને જરૂર સાજો કરી દેશે.

'હું પ્રાર્થના કરું છું.'

પ્રભુકૃપાથી કૂતરો થોડા દિવસમાં સાજો થઈ ગયો.
બાળકી રાજી રાજી થઈ ગઈ.
માર્કોની પણ રાજી રાજી થઈ ગયા.

## ૧૭
## છોકરાએ વાયદો પૂરો કર્યો

અમેરિકામાં 'મેયો ક્લિનિક' નામની હાસ્પિટલ છે.
તે વિશ્વભરમાં જાણીતી છે.
એ ક્લિનિકના ડૉ. વિલ મેયો ભલા દાક્તર હતા.
એક દિવસ એક ગરીબ છોકરો આવ્યો.
ડૉ. મેયોને સલામ કરીને તે અદબથી ઊભો રહ્યો.
ડૉ. મેયોએ તેને મીઠાશથી પૂછ્યું :
'છોકરા, બોલ, તારે શું કહેવું છે ?
'તું બહુ નબળો દેખાય !'
'તબિયત સારી નથી કે શું ?'
છોકરાએ પોતાની માંદગી વિશે કહ્યું.
પછી તે વિનયથી બોલ્યો :
'દાક્તર સાહેબ, બીજા દાક્તરોએ મને ઑપરેશન કરાવવાનું કહ્યું છે.
'હું બહુ ગરીબ છું.
'એટલા બધા પૈસા હું ક્યાંથી લાવું ?
'છેવટે હું આપની પાસે આવ્યો છું.

'આપ સાહેબ મારું ઑપરેશન કરશો ?

'હું સાજો થઈ જાઉં, પછી આપને થોડા થોડા કરીને બિલ ચૂકવી દઈશ.'

ડૉ. મેયોએ વહાલથી કહ્યું :

'જરૂર, જરૂર ! હું પોતે જ તારું ઑપરેશન કરીશ.

'પૈસા હમણાં નહિ આપે તો ચાલશે.

'આમ તો ઑપરેશનના એકસો ડૉલર થશે.

'તું તારી સગવડે થોડા થોડા દર મહિને મને મોકલતો રહેજે.

'બોલ, તું દર મહિને કેટલા મોકલી શકશે ?'

છોકરાએ વિચારીને કહ્યું :

'સાહેબ, હમણાં મારી તબિયત સારી નથી.

'એટલે વધારે મહેનત-મજૂરી થતી નથી.

'હું સાજો થઈ જઈશ, પછી ચિંતા નથી.

હું વધારે કામ કરીને પૈસા બચાવીશ.

'આપને દર મહિને દશ ડૉલર મોકલી શકીશ.'

'દશ મહિનામાં આપનું બિલ ચૂકતે થઈ જશે.'

ડૉ. મેયોએ સફળતાપૂર્વક ઑપરેશન કર્યું.

છોકરો સાજો થઈ ઘેર ગયો.

પછી તે છોકરો દર મહિને નિયમિત દશ ડૉલર મોકલવા લાગ્યો.

દશ મહિનામાં તેણે એકસો ડૉલર ચૂકવી દીધા.

ડૉ. મેયો ખૂબ રાજી થયા.

તેમણે એ છોકરાને પત્ર લખ્યો :

'તેં તારો વાયદો પૂરો કર્યો, એનો મને આનંદ છે.

'ધન્યવાદ!

'આ પત્રની સાથે તેં મોકલેલા એકસો ડોલર હું ચેક દ્વારા મોકલું છું—

'અને સાથે તેનું વ્યાજ પણ મોકલું છું.

'પ્રભુ તને સુખી રાખે!'

ડૉ. મેયોએ ચેક સાથે એ પત્ર ટપાલમાં રવાના કરી દીધો.

## ૧૮

## બાળપંખીડાની વહારે

અમેરિકામાં એક મોટા શોધક થઈ ગયા.

તેમનું નામ હતું:

ટૉમસ આલ્વા એડિસન.

એક વાર પાનખર ઋતુ પૂરી થવા આવી હતી.

એક દિવસ એડિસન પોતાની પ્રયોગશાળાની પાસે આવેલા મેદાનમાં હમેશ મુજબ ફરતા હતા.

ફરતાં ફરતાં તેમની નજર એક નાનકડા પંખી ઉપર પડી.

તે તરત જ ત્યાં ગયા.

જોયું તો એક પંખી ઘવાયેલું પડ્યું હતું!

પાનખર ઋતુ પૂરી થતાં બધાં પંખીઓ દક્ષિણ તરફ ઊડી ગયાં હતાં.

પણ આ ઘવાયેલું પંખી શી રીતે જઈ શકે ?

તે બાપડું એકલું જમીન પર પડી રહ્યું હતું !

એડિસન એ પંખીને પોતાની સાથે ઘેર લઈ ગયા.

થોડા વખતમાં તે પંખી સાજું થઈ ગયું.

ઊડવા જેટલી શક્તિ તેનામાં આવી હતી.

પણ એડિસનને થયું :

'આ બિચારું પંખી એકલું દક્ષિણના પ્રદેશ સુધી શી રીતે ઊડીને જઈ શકશે ?

'એ માટે કંઈ ઉપાય શોધવો પડશે.'

વિચાર કરતાં એ મહાન શોધકને ઉપાય સૂઝી આવ્યો.

તેમણે એક નાની પેટી બનાવી.

તેમાં થોડાં કાણાં પાડયાં.

જેથી ચોખ્ખી હવા અંદર જઈ શકે.

એ પેટીમાં તે પંખીને જરાયે અડચણ ન પડે એવી બધી વ્યવસ્થા કરી.

એ પેટી ઉપર દક્ષિણ અમેરિકાના એક ગામનું સરનામું લખી નાખ્યું.

પછી એ પેટીમાં પંખીડાને મૂકયું.

એ પેટી તેમણે રેલવે કંપની સોંપી.

એના ભાડાના પૈસા પણ ચૂકવી દીધા.

તેમણે એ પેટી કંપનીને સોંપતાં કહ્યું :

'તમે છેલ્લે સ્ટેશને ગાડી પહોંચે, ત્યારે આટલું કરજો :

'એ પેટીમાં રહેલા પંખીને છોડી મૂકજો.'

## ૧૯

## કૂતરું બિચારું શું સમજે?

એક બહુ મોટા વિજ્ઞાની થઈ ગયા.

તેમનું નામ હતું: સર આઇઝેક ન્યૂટન.

તે બહુ નમ્ર સ્વભાવના હતા.

તેમણે ઘણી મહાન શોધખોળો કરી છે.

આઇઝેક ન્યૂટને એક ગલૂડિયું પાળ્યું હતું.

એ કૂતરાનાં બચ્ચાં પર તેમને ખૂબ વહાલ.

બચ્ચું પણ તેમને જોઈને વહાલમાં આવી જાય.

એમના પગમાં આળોટે.

વહાલથી ચાટે.

એમની પાછળ પાછળ ફર્યા કરે.

આઇઝેકે તેનું નામ પાડ્યું: ડાયમંડ.

એક રાતે આઇઝેક ન્યૂટન પોતાના મેજ પાસે બેસીને કંઈક લખતા હતા.

બાજુમાં મીણબત્તી સળગતી હતી.

ડાયમંડ પણ ઓરડામાં બેઠો હતો.

એવામાં ડાયમંડ કોણ જાણે કેમ વહાલમાં આવી જઈને મેજ તરફ ધસ્યો.

તેથી મીણબત્તી કાગળો પર પડી ગઈ.

કાગળો એકદમ સળગી ગયા!

એ કાગળો ખૂબ અગત્યના હતા.

કેટલાંય વર્ષોની તનતોડ મહેનત કરીને તેમણે માહિતીઓ ભેગી કરી હતી.

એ બધી માહિતીઓ એ કાગળોમાં લખેલી હતી.

પરંતુ બિચારા કૂતરાને એની શી ખબર?

કૂતરાએ કેટલું બધું નુકસાન કર્યું હતું, એનો ખ્યાલ ન્યૂટનને હતો.

પરંતુ ન્યૂટન જરા પણ ગુસ્સે થયા નહિ.

તેમણે કૂતરાને પોતાની પાસે લઈ શાંત અવાજે કહ્યું :

'ડાયમંડ, ડાયમંડ, તેં તો કમાલ કરી!

'તને ક્યાંથી ખ્યાલ હોય કે, આજે તેં કેટલું ભારે નુકસાન કર્યું છે!'

## ૨૦

## સંતનું મોંઘેરું દાન

એસિસીના સંત ફ્રાન્સિસ ખૂબ મોટા સંત તરીકે જાણીતા છે.

એક દિવસ સંત ફ્રાન્સિસ બાઇબલ વાંચી રહ્યા હતા.

બાઇબલ એ ખ્રિસ્તી ધર્મનું ધર્મપુસ્તક છે.

એવામાં એક ગરીબ બાઈ ત્યાં આવી.

સંત ફ્રાન્સિસને પ્રણામ કરીને તે આજીજી કરતી બોલી :

'સંતબાબા, ત્રણ દિવસથી હું અને મારાં બાળકો ભૂખ્યાં છીએ.

'મારું તો ઠીક. મને મારાં બચ્ચાંઓની ચિંતા થાય છે!

'પ્રભુને ખાતર કંઈક આપો.

'આપ તો દયાળુ મહાત્મા છો.'

સંત ફ્રાન્સિસ પાસે શું હોય?

એ પોતે જ જે મળ્યું એનાથી પોતાનું ચાલવતા હતા.

સંત ખૂબ વિચારમાં ડૂબી ગયા.

માતા અને બાળકોને માટે શું કરી શકાય?

માતાને પણ ભૂખ્યાં બાળકોની ચિંતા હતી.

ત્યાં તો સંતને એકાએક યાદ આવી ગયું.

તે ગદ્‌ગદ્ કંઠે બોલ્યા :

'બાઈ, હું તો ભિખારી રહ્યો !

'મારી પાસે તો એક દમડી પણ નથી.

'પણ એમ કર.

'આ બાઈબલ તું લે.

'એને વેચીને તારાં બાળકોને ખવડાવજે.

'ભગવાન તને સહાય કરો !'

પેલી બાઈ આનંદ પામતી બાઈબલ લઈને ચાલી ગઈ.

સંત ફ્રાન્સિસ ઘૂંટણિયે પડીને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા :

'મારા પ્રભુ! મને માફ કરજે!

'તારા પવિત્ર સુવચનોને મેં આપી દીધાં છે!

'શા માટે?

'તારાં જ સુવચનોનું પાલન કરવા માટે!'

સંત ફ્રાન્સિસના કાનમાં ભગવાન ઈશુ ખ્રિસ્તનાં સુવચનો ગૂંજી ઊઠયાં.

ભગવાન પોતાના ભક્તોને કહેશે :

'આવો, મારા વહાલા ભક્તજનો!

'તમે પ્રભુના ધામના ભાગીદાર છો.

'જ્યારે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું.

'જ્યારે મારી પાસે અંગ ઢાંકવાનું એકેય વસ્ત્ર ન હતું, ત્યારે તમે મારું શરીર ઢાંકયું હતું.

'હું માંદો હતો, ત્યારે તમે મારી સેવા-ચાકરી કરી હતી...'

ત્યારે ભક્તો નવાઈ પામીને પૂછશે :

'ભગવાન, તમે ક્યારે ભૂખ્યા હતા, કે જ્યારે અમે તમને ખાવાનું આપ્યું?

'તમે કયારે વસ્ત્ર વિનાના હતા, કે જ્યારે અમે તમને વસ્ત્ર આપ્યું?

'તમે ક્યારે માંદા હતા, કે અમે તમારી સેવા-ચાકરી કરી?'

તે વખતે ભગવાન કહેશે :

'તમે તમારા ભાઈઓમાંના નાનામાં નાના માટે જે કંઈ કર્યું હતું તે મારે માટે જ કર્યું હતું.'

## ૨૧

## 'ધન ધન જનની તેની રે....'

એક છોકરો હતો.

તેનું નામ હતું રૉબર્ટ હિલ.

ઘરમાં તેને સૌ 'બૉબી' કહીને બોલાવતાં.

તે હબસી જાતિનો હતો.

તેના પિતા ઇટાલી દેશમાં આવેલા નેપલ્સ શહેરમાં કામ કરતા હતા.

ત્યાંના હવાઈ-દળમાં સાર્જન્ટ હતા.

બૉબી નિશાળમાં ભણવા જતો હતો.

પાઠ્યપુસ્તકમાં તેણે એક ભલા દાક્તર વિશેનો પાઠ શીખવાનો આવ્યો.

દાક્તરનું નામ હતું : ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર.

દાક્તરે સુખી જીવનનો ત્યાગ કર્યો હતો.

તે આફ્રિકા ગયા.

ત્યાંના જંગલમાં તેમણે હબસી લોકોની સેવા કરવા માંડી.

એ લોકો માટે ઇસ્પિતાલ શરૂ કરી.

બોબીના દિલમાં આ ભલા દાક્તર વસી ગયા.

એક દિવસ તેણે પિતાને કહ્યું :

'પપ્પાજી, તમે મને પાંચ ડૉલર આપશો ?

'હું એમાંથી થોડી દવાઓ ખરીદીશ.

'હું એ દવાઓ ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝરને મોકલવા માગું છું.'

પિતાએ રાજી થઈને પાંચ ડૉલર આપ્યા.

પિતાએ તેને પૂછ્યું :

'પણ બેટા, આફ્રિકા દેશ તો ખૂબ દૂર આવેલો છે.

'તું એ દવા કેવી રીતે મોકલીશ ?'

બોબીએ કશો જવાબ ન આપ્યો.

થોડા દિવસ તેણે આ વિશે ખૂબ ખૂબ વિચાર કર્યો.

તેને એકાએક કંઈક સૂઝી આવ્યું.

તે ખુશ ખુશ થઈ ગયો.

તે પત્ર લખવા બેસી ગયો.

તેણે 'ઍર સાઉથ' હવાઈ–દળના સેનાપતિને પત્ર લખ્યો :

'...મેં થોડા વખત પર વાંચ્યું કે, ડૉ. શ્વાઈટ્ઝર આફ્રિકાના લોકોની સેવા કરે છે.

'હું આપને એ માટે પત્ર લખી રહ્યો છું.

'હું ડૉ. શ્વાઈટ્ઝરને મદદ કરવા માગું છું.

'મેં મારા પિતાને કહ્યું કે, ડૉ. શ્વાઈટ્ઝરને મોકલવા માટે મને થોડી દવા ખરીદી આપો.

'તેમણે મને કહ્યું કે, મારાથી બનશે એટલી દવાઓ તને ખુશીથી ખરીદી આપીશ.

'પણ એ દવાઓ ડૉ. શ્વાઇટ્ઝર સુધી પહોંચાડવાની કંઈક વ્યવસ્થા થવી જોઈએ.

'મને એમ વિચાર આવે છે કે ડૉ. શ્વાઇટ્ઝર જ્યાં રહે છે, ત્યાં આપનું વિમાન જવાનું હોય, તો તે મારી દવાઓ તેમને પહોંચાડી શકે.

'કદાચ બીજા લોકો પણ ડૉ. શ્વાઇટ્ઝરને દવા મોકલવા ઇચ્છતા હોય.

'આપને આવો પત્ર મેં લખ્યો છે, એ વિશે મેં મારા પિતાને જણાવ્યું નથી.

'પણ મને વિશ્વાસ છે કે, આપને વાંધો નહિ હોય.

'આપ મદદ કરશો, તો આપનો ખૂબ આભાર માનીશ.

'રૉબર્ટ એ હિલ (ઉં. વ. ૧૩)'

જનરલ લિંડસે એ પત્ર વાંચીને ખૂબ રાજી થયા, તેમણે તરત જ બૉબીને પત્રનો જવાબ લખ્યો.

બે જ દિવસમાં બૉબીને જનરલ લિંડસેનો પત્ર મળ્યો.

સેનાપતિ લિંડસેએ લખ્યું હતું:

'...તારી દવાઓ ડૉ. શ્વાઇટ્ઝર સુધી જરૂર પહોંચાડી દઈશ.

'તારો પત્ર વાંચીને મને એક વિચાર આવ્યો.

'એટલે મેં તારો પત્ર ઇટાલિયન રેડિયોને મોકલ્યો છે.

'તે પોતાના એક કાર્યક્રમમાં સારાં કાર્યોમાં સહાય કરવાની અપીલ રેડિયો પરથી પ્રસારિત કરે છે.

'તું ઉત્સાહ ગુમાવતો નહિ.

'તારી વાત ઉમળકાથી લોકો ઉપાડી લેશે.

'બીજાને મદદ કરવા ઇચ્છનારા લોકોનો દુનિયામાં તોટો નથી.'

બીજા રવિવારે રેડિયોમથકે બોબીનો એ પત્ર અંગ્રેજી, ઇટાલી, ફ્રેન્ચ અને જર્મન ભાષામાં પ્રસારિત કર્યો.

પછી બોબીને પણ રેડિયોસ્ટેશન પર બોલાવવામાં આવ્યો.

તેણે રેડિયો પર એક દુભાષિયાની મદદથી લોકો સમક્ષ પોતાની વાત કહી.

વીસ દિવસમાં તો આખા ઇટાલીમાંથી લગભગ પાંચ લાખ ડોલરની કિંમતની દવાઓ નેપલ્સ આવી પહોંચી!

પચાસ બાળકોએ રોકડા પૈસા મોકલ્યા.

ચાર રૂપિયાથી માંડીને પચીસ રૂપિયા સુધી.

બધાએ સાથે ચિઠ્ઠી પણ મોકલી હતી.

અગિયાર વરસના એક છોકરાએ લખ્યું હતું :

'કઈ દવાઓ ખરીદવી એ મને સમજાયું નહિ.

'પણ મારી બચતમાંથી દસ રૂપિયા મોકલતાં મને આનંદ થાય છે.

'મને આશા છે કે, બીજાં બાળકો પણ એવું કરશે.'

ઇટાલીના હવાઈદળના મુખ્ય જનરલ નેપાલીએ કહ્યું :

'આ દવાઓ આફ્રિકા પહોંચાડવા માટે અમારું

એક વિમાન હું આપીશ.'

ફ્રેન્ચ હવાઈદળે પણ પોતાનું એક વિમાન મોકલવાની તૈયારી બતાવી.

આટલું થયા પછી જનરલ લિંડસેએ ડૉ. શ્વાઈટ્ઝરને તાર પાઠવ્યો.

તારમાં જનરલે પુછાવ્યું હતું :

'ઇટાલીની પ્રજા દ્વારા તમને ૯ હજાર રતલ વજનની દવાઓ ભેટ તરીકે મોકલીએ છીએ.

'તમે એ ક્યારે સ્વીકારી શકશો ?'

આફ્રિકાના જંગલમાં કાળા લોકો માટે ઇસ્પિતાલ ચલાવતા ડૉ. શ્વાઈટ્ઝર તાર વાંચીને ખૂબ નવાઈ પામ્યા !

ડૉક્ટરને થયું :

'અમારી ઇસ્પિતાલને આમ અચાનક આટલું મોટું દાન કઈ રીતે મળ્યું !'

પરંતુ જ્યારે તેમને તાર આગળ વાંચતાં ખબર પડી કે, આ દાન તેર વરસના એક બાળકનો પ્રતાપ છે !

એક બાળકના શુભ વિચારનું આ પરિણામ છે.

એ જાણીને તે વધારે નવાઈ પામ્યા.

સાથે સાથે તેમને ખૂબ ખૂબ આનંદ થયો.

ડૉ. શ્વાઇટ્ઝર બધી દવાઓ સ્વીકારવા તૈયાર થયા.

જનરલ લિંડસેએ તેમનો વળતો આભાર માન્યો.

પત્રમાં તેમણે ચોખવટ કરતાં જણાવ્યું :

'જે બાળકની પ્રેરણાથી આ દવાઓ આપને મોકલાઈ રહી છે, તે બાળક નિગ્રો છે.

આ જાણીને ડૉ. શ્વાઈટ્ઝરનું હૈયું આનંદથી છલકાઈ ઊઠ્યું.

તેમણે પણ આફ્રિકાના નિગ્રો લોકોની સેવામાં જ પોતાનું જીવન સમર્પી દીધું હતું ને?

નિગ્રો બાળક બૉબીની આવી અમૂલ્ય પ્રેમ–ભેટ મળતાં તેમણે ધન્યતા અનુભવી.

ડૉ. શ્વાઈટ્ઝરે એ બાળકને મળવાની ઇચ્છા પ્રગટ કરી.

પછી તો દવાઓ લઈને ઈટાલીના હવાઇ દળનું વિમાન આફ્રિકા જવા રવાના થયું.

બીજું વિમાન ફ્રેન્ચ હવાઈ દળનું હતું.

તેમાં હતા: બૉબી, કેટલાક અધિકારીઓ અને ખબરપત્રીઓ.

આ બાજુ વિમાનીમથકે ડૉ. શ્વાઈટ્ઝર બૉબી દોસ્તની રાહ જોતા ઊભા હતા.

બૉબી વિમાનમાંથી ઊતર્યો.

એટલે વહાલા દાદાજી જેવા શ્વાઇટ્ઝરે આગળ આવી વાંકા વળી નિગ્રો બાળક બૉબીને વહાલથી ચૂમી લીધો.

ડૉ. શ્વાઈટ્ઝર બૉબીને બાથમાં લઈ બોલી ઊઠ્યા:

'કેવો મીઠડો દીકરો છે!'

૧૩ વરસના બૉબીનો હાથ પકડીને, ૮૬ વરસના ડૉ. શ્વાઇટ્ઝર ખૂબ વહાલપૂર્વક તેને ઇસ્પિતાલમાં લઈ ગયા.

ડૉ શ્વાઇટ્ઝરે ઉમળકાથી કહ્યું :

'આ બધી દવા એ અહીંના દરદીઓને ખૂબ કામ લાગશે.'

બપોરના ભોજનસમયે ડૉ. શ્વાઇટ્ઝરે બાળક બૉબી-નો અને દવાઓ મોકલનાર બધા દાતાઓનો પોતાના તરફથી અને હૉસ્પિતાલના દરદીઓ તરફથી આભાર માન્યો.

ડૉ. શ્વાઇટ્ઝર ગદ્‌ગદ્ કંઠે બોલી ઊઠ્યા :

'મને કોઈ દિવસ એવો વિચાર નહોતો આવ્યો કે, આવી રીતે એક નાના બાળક દ્વારા મને મદદ મળશે.'

બૉબી એ દિવસ ત્યાં રહ્યો.

રવાના થતી વખતે ડૉ. શ્વાઇટ્ઝરે એને સીસમના લાકડાનો બનાવેલો એક નાનો સુંદર ડબ્બો આપ્યો.

તેમણે બૉબીને કહ્યું :

'આ તારી માતા માટે છે.'

ડબ્બામાં બૉબીની મા માટે એક ચિઠ્ઠી હતી :

'બૉબી જેવા બાળકને જન્મ આપનાર માતાને પ્રણામ !
— આલ્બર્ટ શ્વાઇટ્ઝર.'